जागर्तु कोऽपि वसुधावलयेऽनसूयः
सन्मार्मिकः, प्रयतनं हि यदर्थमेतत् ।।
આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

# વિનિયોગ સમાચાર

માસિક

Vol.: 17 • Issue No. : 8 • Pages : 8 MUMBAI • 1st August - 2019 Price Rs.10/- Annual Subscription Price : Rs . 101/-

# 'શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર' ગ્રંથની ભૂમિકા

## તત્ત્વ-અર્થ-અધિગમ

(ગતાંકથી ચાલુ)

**(૯) ધર્મોઃ મોક્ષોઃ તથા અંતિમ મોક્ષઃ**

કોઈપણ એક આત્માનો તે વિકાસ જ્યારથી યોગ્ય સ્વરૂપમાં શરૂ થાય છે, ત્યારથી તે ઉત્તરોત્તર ઉંચા ઉંચા બીજા નવા નવા વિકાસના કારણ તરીકે બનતો જાય છે, ને નવા નવા વિકાસો થતા જાય છે, વધતા જાય છે, વિશાળ બનતા જાય છે. ચોથી ચોપડીમાં પાસ થયેલો પાંચમી માટે લાયક બનવાથી આગળ આગળ તેનો વિકાસ વધતો જાય છે. પહોળો થતો જાય છે, તેનું જ્ઞાન વિકાસ પામતું જાય છે, તેનો આત્મા અજ્ઞાનમાંથી છુટો થતો જાય છે, મુક્ત થતો જાય છે.

એ પ્રમાણે કારણ તરીકે બનતી જતી વિકાસની પહેલીવહેલી ભૂમિકાઓનું નામ ''ધર્મ'' રાખવામાં આવેલું છે. પ્રથમની વિકાસભૂમિકામાંથી ઉત્પન્ન થયેલી બીજી ઉપરની વિકાસભૂમિકા પછીના વિકાસનું કારણ બને છે. તેથી પહેલીવહેલી દરેક ભૂમિકાનું નામ ધર્મઃ અને પછી પછીનું નામ વિકાસ એટલે મોક્ષઃ.

આમ ધર્મોઃ અને મોક્ષોઃની પરંપરા ચાલતી હોય છે. એમ નાના નાના ધર્મોમાંથી નાના નાના મોક્ષો થતા જાય છે અને છેલ્લે અંતિમ સંપૂર્ણ ધર્મથી અંતિમ મોક્ષ થાય છે.

ધર્મઃ શબ્દનો આ વાસ્તવિક અર્થ છે.

એટલા માટે નય-ભેદો જુદી જુદી અવસ્થાઓને ધ્યાનમાં લઈને સ્યાદ્વાદી શાસ્ત્રોમાં ધર્મના ઘણા ઘણા અર્થો કરવામાં આવેલા છે અને અપેક્ષાવિશેષોને આધારે તે સઘળા સુસંગત છે. (પ્રતિમાશતક ટીકા).

ઉપચારથી તે ધર્મમાં સહાયક સંસ્થાઓ, આચારો, સંચાલકો, શાસ્ત્રો, અનુષ્ઠાનો, અનુષ્ઠાનોની ક્રિયાઓ તેની અનેક વિધિઓ, તેમાં ઉપયોગમાં આવતા સાધનો, ઉપકરણો, મિલકતો, સ્થાવર જંગમ તીર્થો વગેરે સર્વ કાંઈ તદુપયોગી હોય તેમાં સહાયક હોય, તે સર્વ ધર્મ શબ્દથી વાચ્ય થાય છે.

**(૧૦) અધ્યાત્મ શાસ્ત્ર :**

જ્યારે આત્માનો વિકાસ થાય છે, એમ નક્કી છે, તો તે વિકાસ અને અણવિકાસ કેવી રીતે અને કેવા કેવા સ્વરૂપે થાય છે ? વગેરે જાણનાર શાસ્ત્રનું નામ આત્મવિજ્ઞાન શાસ્ત્ર છે, અધ્યાત્મ શાસ્ત્ર છે. એટલે કે આત્માના વિકાસનું શાસ્ત્ર-આત્માના વિકાસને ઉદ્દેશીને- અનુલક્ષીને રચાયેલું શાસ્ત્ર તે ''અધ્યાત્મશાસ્ત્ર'' કહેવાય છે. અથવા તેનું જ બીજું નામ **ધર્મશાસ્ત્ર** પણ છે. જેમાં સર્વ પ્રાણીઓના વિકાસની જુદી જુદી ઠેઠ સુધીની ભૂમિકાઓનો પદ્ધતિસર વિચારસંગ્રહ કરવામાં આવેલો હોય છે. તથા તે ભૂમિકાઓ પ્રાપ્ત કરવાના ઉપાયો અને ક્રમ બતાવેલા હોય છે.

આત્મા સાથે કર્મ : તેની સાથે મન, જ્ઞાનતંતુઓ, મગજ, ઇન્દ્રિયો, શરીર, વાચા, આરોગ્ય, ભાષા, શબ્દ, વિચારો, ઘર, કુટુંબ, ધંધા, વિષયોપભોગ, જ્ઞાતિ, સમાજ, પ્રજા, રાજા, શિલ્પ, જ્યોતિષ, કળા, સંગીત, ભૂમિ મિલકતો, કૃષિ, વાણિજ્ય અર્થતંત્ર, નાણા પ્રકરણ વગેરે વગેરે ઘણા ઘણા પ્રકારના પદાર્થોના સંબંધ હોય છે. તેથી તે સર્વના જ્ઞાનો કરાવનારાં બીજા પણ સંખ્યાબંધ શાસ્ત્રો હોઈ શકે છે અને છે અને તે સર્વ પરંપરાએ અધ્યાત્મશાસ્ત્ર સાથે જોડાયેલા હોય છે.

તે સર્વમાં અધ્યાત્મશાસ્ત્ર સર્વોપરિ, સૌથી વધારે ઉપયોગી, સૌથી વધારે મહત્ત્વનું અને સૌથી વધારે હિતકર છે. માટે જીવનના તમામ પ્રકારોમાં તે મુખ્ય અને કેન્દ્રસ્થ શાસ્ત્ર છે.

આ વિકાસક્રમ પણ વિશ્વમાં અનાદિ-અનંત-કાલીન છે. તેથી તેને લગતું અધ્યાત્મશાસ્ત્ર પણ અનાદિ અનંત-કાલીન છે. છતાં તે તે વખતે તેના જુદા જુદા પ્રણેતાઓ-ઉપદેશકો વગેરે હોવાથી, તે જુદા જુદા અને નવા નવા પણ ગણાતા હોય છે. ખરી રીતે તો એક અપેક્ષાએ તે એક સનાતન શાસ્ત્ર છે.

**૧૧. મોક્ષ અને ધર્મ :**

મોક્ષ અનાદિ-અનંતકાલીન શાશ્વત પદાર્થ છે. તેના કારણભૂત ધર્મ પણ અનાદિ - અનંત - કાલીન શાશ્વત પદાર્થ છે.

તે બન્નેય ક્યાંયથી નવા આવતા નથી તે બન્નેય કદી નષ્ટ થતા નથી. તે બન્નેયનો કદી અભાવ હોતો નથી. તે બન્નેયને કોઈ ઉત્પન્ન કરતા નથી. માટે અધ્યાત્મ શાસ્ત્ર પણ અનાદિ-અનંત કાલીન છે. તેનો પણ કદી અભાવ હોતો નથી.

**૧૨. જિનોપદિષ્ટ ધર્મ :**

સંપૂર્ણ-વિકસિત, સંપૂર્ણ વિજયી આત્માઓ જિન કહેવાય છે. કર્માદિક અંદરના અને બહારના બંધનો ઉપર વિજય મેળવનાર તે **જિન** અર્થાત્ રાગ, દ્વેષ, મોહ, વિષય, કષાય વગેરે ઉપર સંપૂર્ણ વિજય મેળવનાર હોય, તે અધ્યાત્મશાસ્ત્રની પરિભાષાને આધારે સાચા વિજયી કહેવાય છે. તેનો બીજો શબ્દ **જિન** પણ છે.

ઉપરોક્ત શાશ્વત, સનાતન, સદાતન ધર્મ જિને બતાવેલો હોવાથી ઉપદેશેલો હોવાથી જિનોપદિષ્ટ ધર્મ કહેવાય છે. ટૂંકમાં જિનોક્ત જિનોએ કહેલો તે જૈન અને જૈન એવો ધર્મ તે જૈન ધર્મ એ પ્રમાણે એ શબ્દ બને છે.

અર્થાત્ એ ધર્મને જિનો નવો બનાવતા નથી. નવો રચતા નથી. પરંતુ અનાદિ, અનંત, કાલીન મોક્ષની શાશ્વત સીડીરૂપ, નિઃસરણિરૂપ ધર્મને માત્ર ઉપદેશે છે. બતાવે છે. માટે **જૈન-ધર્મ** કહેવાય છે. ''તે ધર્મ તેઓની માલિકીની કોઈ ચીજ છે'' એમ નથી. તેઓ બનાવતા નથી પણ બતાવે છે.

તેઓ વસ્તુતઃ અને અધ્યાત્મશાસ્ત્રના પાયારૂપ વિશ્વનું સમગ્ર સ્વરૂપ સંપૂર્ણપણે જાણીને બીજા પણ વિજયેચ્છુ આત્માઓ સમજી શકે તે રીતે તેનો જ નિર્દેશ કરે છે, ને તે નિર્દેશો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રતિબિમ્બિત હોય છે. માટે તે શાસ્ત્રનું નામ દ્વાદશાંગી બાર અંગમાં વ્હેંચાયેલું છે.

**૧૩. તત્ત્વાર્થાધિગમ સૂત્ર :**

વિશ્વમાં અનંત પદાર્થો છે. છતાં તે દરેકના મૂળભૂત તત્ત્વભૂત-પદાર્થો કયા કયા છે? તે તત્ત્વનો વિચાર આ સૂત્રમાં છે.

તે દરેક તત્ત્વનું અર્થ-ક્રિયાકારિત્વ શું શું છે? અર્થાત્ તે દરેક તત્ત્વો વિશ્વમાં શા શા ભાગ ભજવે છે? તે અર્થો પણ તેમાં બતાવેલા છે.

ગમે તેટલાં તત્ત્વો હોય અને ગમે તે પ્રયોજનો - અર્થક્રિયાઓ તે સફળ કરતા હોય, તેથી શું? તેનો પ્રત્યેક આત્માને ઉપયોગ શો? તે જાણવાની, સમજવાની તેને જરૂર પણ શી? ભલે જેમ હોય તેમ વિશ્વ અને વિશ્વના પદાર્થો હોય તેમાં આપણે શું?

પરંતુ તે પદાર્થો આપણા આત્માના વિકાસ વગેરેમાં કેવી રીતે ઉપયોગી કે નિરુપયોગી થાય છે? એટલે કે ક્યારે અને કેવી રીતે ઉપાદેય અને હેય હોય છે? તે વિચાર વાસ્તવિક તત્ત્વાર્થ છે. માટે તત્ત્વોના અર્થ પ્રયોજનો - અર્થક્રિયાત્વ જાણવાની જરૂર રહે છે.

કેટલાક આત્માઓને કુદરતી રીતે ખાસ બાહ્ય નિમિત્તો વિના અને કેટલાકને બાહ્ય નિમિત્તોની સહાયથી તત્ત્વબોધ થાય છે. તત્ત્વબોધ થયા વિના તેઓનો મોક્ષ માર્ગ જ પ્રવૃત્ત થઈ શકતો નથી. જેમ કેટલાકના કેટલાક રોગ ખાસ ઔષધ કર્યા વિના ઉપશાંત થતા જ નથી, તેમ કેટલાક જીવોના કર્મો જ એવા હોય છે, અથવા તેઓની તથાભવ્યતા એવી હોય છે, કે ખાસ પ્રયત્ન વિના તેના કર્મો તુટી શકતા નથી. તેઓની તથાભવ્યતા વિકાસ પામી શકતી નથી. તથાભવ્યતાનો પરિપાક થઈ શકતો નથી.

તેવા આત્માઓને મોક્ષની પ્રાપ્તિ કરતાં પહેલાં તત્ત્વોના અર્થોનો બોધ મેળવવો પડે છે. તેવો બોધ ટૂંકામાં મેળવવાનું સાધન આ તત્ત્વાર્થાધિગમ શાસ્ત્ર છે.

અધિગમ એટલે બોધ, બાહ્ય નિમિત્ત, ઉપદેશ, વાંચન, મનન વગેરે તેના અર્થ થાય છે. અધિગમોરૂપે પરિણમીને મોક્ષની સાધનામાં ઉપયોગી થાય, તેવો તત્ત્વાર્થબોધ કરાવે તે અધિગમ કહેવાય છે.

ભલે તમામ તત્ત્વોનું અને તેના અર્થોનું જ્ઞાન થાય, પરંતુ તે જ્ઞાન અધિગમરૂપ ન બને ત્યાં સુધી મોક્ષ તરફ પ્રયાણ થઈ શકતું નથી, એથી આ સૂત્રના નામમાં અધિગમ શબ્દ જોડવામાં ખાસ સંકેત છે.

એટલે આ ગ્રન્થ તત્ત્વો અને અર્થોનો બોધ કરાવે છે. તે થવા ઉપરાંત, અધિગમ પણ કરાવે છે. તન્નિસર્ગાદધિગમાદ્વા ૧-૩. આ સૂત્રમાં મોક્ષમાં પ્રધાન બીજભૂત સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ અધિગમ બતાવેલ છે.

તે અધિગમ કરવાનું સામર્થ્ય આ ગ્રંથ ધરાવે છે. તે ભાવ બતાવવા માટે પણ આ ગ્રન્થના નામની સાથે અધિગમ શબ્દ ખાસ જોડવામાં આવેલો છે.

તત્ત્વજ્ઞાનના ગણાતા બીજા ઘણા ગ્રંથોના નામોમાં આ જાતની વિશિષ્ટ ખુબી હોતી નથી. તત્ત્વજ્ઞાન, તત્ત્વબોધ વગેરે નામો હોય છે. પરંતુ ''જ્ઞાન કે બોધથી અધિગમ થાય જ એમ ચોક્કસ કહી ન શકાય.'' અને અધિગમ વિના તેવા ગ્રંથોની રચનાનું પ્રયોજન સિદ્ધ ન થાય.

પરંતુ ''આ ગ્રંથ એ પ્રયોજનની સફળતા માટે રચવામાં આવેલો છે'' તેથી તથાપ્રકારના જીવો માટે જેમ બને તેમ આબાદ રીતે પ્રયોજન કરી આપનાર છે. તે સૂચન કરવા માટે ગ્રંથના નામમાં અધિગમ શબ્દ ખાસ કરીને જોડવામાં આવેલ છે.

**૧૪. અન્ય ધર્મો અને તેનાં ધર્મશાસ્ત્રો :**

આ ઉપરથી એ પણ સમજવાનું છે કે આ જગતમાં બીજા પણ જે જે એક યા બીજા શબ્દમાં મોક્ષ માનનારા અને એક યા બીજા શબ્દમાં આત્મા પદાર્થનો અને તેના વિકાસનો સ્વીકાર કરનારા ધર્મો - એટલે ધાર્મિક પરંપરાની સંસ્થાઓ છે, તેને માન્ય ધર્મશાસ્ત્રો પણ થોડેઘણે અંશે સ્પષ્ટરૂપે કે અસ્પષ્ટરૂપે પણ તે તે ભૂમિકા ઉપર રહેલા આત્માઓના વિકાસમાં થોડેઘણે અંશે સહાયક થઈ મોક્ષના માર્ગ સુધી લાવવામાં સહાયક થતા હોય છે અને પછી તે આત્મા પોતાની શક્તિથી બીજા સાધનોની મદદથી મોક્ષ સુધી પહોંચી જાય છે. માટે તેઓના ધર્મશાસ્ત્રોનો પણ સમાવેશ સામાન્ય રીતે અધ્યાત્મશાસ્ત્રમાં થતો હોય છે.

તેથી તે ધર્મશાસ્ત્રો ભલે મુખ્ય અધ્યાત્મ વિજ્ઞાનમય શાસ્ત્રો ન જણાય એટલે કે ઓછે વધતે અંશે જણાય કે મિશ્રરૂપે જણાય, છતાં તેનો પણ મુખ્ય ઉદ્દેશ તો આત્માઓને આત્મવિકાસ તરફ દોરવવાનો હોય છે અને એ રીતે દરેક ધર્મોમાં આ એક જાતની સમાનતા પણ હોય છે. છતાં ઘણી બાબતોમાં જુદાપણું પણ હોય છે. **(ક્રમશઃ)**

**- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ**

# બંધારણમાં મૂળભૂત ફરજો અને અહિંસા

બંધારણની કલમ ૧૯ (આઈ) (એફ) (જી)ની સાથે કલમ ૫૧(એ)ની પેટા કલમ (ઇ) (એફ)(જી) જોડીને તમામ પશુઓની નિકાસ બંધ કરવા રીટ અરજી થઈ શકે. ૫૧(એ)ની પેટાકલમ (એફ)નીચે માંસ ઉદ્યોગ (Meat industry) મત્સ્ય ઉદ્યોગ (Fish industry) વિગેરે શબ્દોના ઉપયોગ અને પ્રચાર સામે તેમ જ કેળવણીમાં તેના વિષે અપાતા શિક્ષણ સામે પણ રીટ પીટીશન થઈ શકે. એટલું જ નહીં. ઇંડાં-માંસ-મચ્છી લોકો માટે સસ્તો પોષણયુક્ત ખોરાક છે, તેવા પ્રચાર સામે પણ રીટ અરજી થઈ શકે.

The constitution of India imposes certain fundamental duties on the citizens of india and more particularly clauses (f) (g) of the Art 51A of the Constitution which are as follows. (f) to value and preserve the rich heritage of our culture.

(g) To protect and improve the natural environment including forests, lakes, rivers, and wild life and to have compassion for giving creatures.

ભારતના બંધારણે ભારતની પ્રજાની ઉપર કેટલીક મૂળભૂત ફરજો લાદી છે. ખાસ કરીને બંધારણની કલમ ૫૧ એની પેટા કલમો (એફ) અને (જી) આ ફરજનું સ્પષ્ટીકરણ કરે છે. પેટાકલમ (એફ) આપણી ભવ્ય સંસ્કૃતિનો વારસો અને સંસ્કૃતિના મૂલ્યો જાળવવાની મૂળભૂત ફરજ પ્રજાને આપે છે. પેટાકલમ (જી) જીવતાં પ્રાણીઓ તરફ દયા રાખવાની, રાની પશુઓ, પક્ષીઓ, પ્રાણીઓ, નદીઓ, તળાવો અને જંગલોનું રક્ષણ કરવાની અને તેમનો કુદરતી વિકાસ થવા દેવાની મૂળભૂત ફરજ પ્રજાને આપે છે. એટલે કે એ ફરજ બજાવવાનો પ્રજાને અધિકાર છે.

(એફ) આપણી સંસ્કૃતિનો ઉદ્‌ભવ અને વિકાસ જલાશયો અને પશુઓ દ્વારા થયો છે અને એ સંસ્કૃતિનો ભવ્ય વારસો પણ પાણી અને પશુઓની મદદથી જળવાઈ રહ્યો છે. એ પશુઓની નિકાસ કરી નાખવામાં આવે કે તેમની કતલ કરી નાખવામાં આવે તો અમારી સંસ્કૃતિના મૂળ જ કપાઈ જાય છે. એટલે પશુઓની કતલ કે નિકાસ થતી અટકાવવી એ ભારતની પ્રજાની મૂળભૂત ફરજ છે. એ ફરજ અમે ન બજાવીએ તો અમે અમારા બંધારણ તરફ બેવફા બનીએ છીએ. એટલે આ નિકાસ કે કતલ અટકાવવાના કોઈપણ પગલા બંધારણીય છે. રાષ્ટ્રના વિશાળ હિતમાં છે.

(જી) પશુઓની, પક્ષીઓની કે પ્રાણીઓની કતલ કે તેમની જીવતી દશામાં નિકાસ એ તેમના ઉપર આચરવામાં આવતી નિર્દયતાની પરિસીમા છે. તેમની કતલ કે નિકાસ તે અમારા જીવ માત્ર તરફ દયા બતાવવાની મૂળભૂત બંધારણીય ફરજ ઉપર તરાપ મારે છે. પશુઓ તેમના છાણરૂપી બળતણ આપણને આપીને બાળવા માટે લાકડાં મેળવવા જંગલને કપાઈ જતા બચાવે છે. જંગલો જમીનનું ધોવાણ સામે રક્ષણ કરીને નદીઓ, તળાવો વિગેરેને જમીનના ધોવાણની માટીથી પૂરાઈ જઈને સૂકાઈ જતા બચાવે છે અને જલાશયો પોતાના પાણી વડે કરોડો જીવોની તૃષા છીપાવીને તેમને જીવતા રાખે છે.

એટલે પેટાકલમ ૫૧એ(જી)માં પ્રજા માથે નાખવામાં આવેલી મૂળભૂત ફરજો અદા કરવી હોય તો પશુઓની નિકાસ અને કતલ અટકાવવાનો બંધારણે પ્રજાને અધિકાર આપ્યો છે અને તે ફરજ અદા કરવા માટે લેવા પડનારા તમામ પગલાં બંધારણીય કાયદેસરના અને તમામ પ્રજાના વિશાળ હિતના છે.

પ્રજાના આ હિત કોમ, ધર્મ કે પ્રદેશના ભેદ વગર - તમામ પ્રજાને સ્પર્શે છે, પછી તે હિંદુ હોય કે મુસલમાન કે ખ્રીસ્તી હોય. નિકાસ થનાર એક બળદ કે ગાય ૧૦ વરસ જીવે તો આ દેશના ૧૦ કુટુંબોને તે રહેઠાણો પૂરા પાડે છે. એક પુખ્ત વયના પશુના એક વરસના છાણમાંથી ચાર રૂમનું એક મકાન બાંધી શકાય. એટલે અમે એક પશુની નિકાસ અટકાવીને દેશને ૧૦ મકાનોની (ગાર માટીના) ભેટ આપીએ છે. સીમેન્ટ મકાનો પૂરા પાડવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. ૧૯૭૧ પછીના ૧૪ વરસમાં દેશમાં મકાનોની અછત ૫૩ લાખથી વધીને આશરે ત્રણ કરોડ સુધી પહોંચી છે. એટલે કે ૧૫કરોડ માણસો આજે બેઘર છે.

એક પુખ્ત વયનું પશુ દશ વરસ સુધી એક કુટુંબને રાંધવા માટે બળતણ પુરું પાડીને પાંચ હજાર રુપિયાની કેરોસીનની આયાત પાછળ ખર્ચાતું વિદેશી હુંડિયામણ બચાવે છે. કેરોસીનની લાઈનમાં કલાકો સુધી ઊભા રહીને ભારતની સ્ત્રીઓને ગૌરવભંગ થતી બચાવે છે. જેમ ભારતની ૬૮કરોડની વસતી માત્ર પરદેશી અનાજ ઉપર આધાર રાખીને જીવી શકે નહિ, તેમ આ મહાન પ્રજા રોજ રાંધવા પડતા અનાજ માટે પરદેશીઓની દયા વડે મેળવાતા કેરોસીન ઉપર આધાર રાખી શકે નહિ અને એ કેરોસીન માટે હુંડિયામણ મેળવવા કરિયાણા - શાકભાજી - ફળફળાદિની નિકાસ કરીને ગૌરવભંગ, પોષણહીન અને ગરીબીમાં ફસાયેલી રહી શકે નહિ. એટલે પ્રજાના સ્વમાન, સાર્વભૌમત્વ, અને સમૃદ્ધિનું રક્ષણ કરવા પશુઓની નિકાસ કે કતલ થતી અટકાવવાની દરેક ભારતીય પ્રજાજનની ફરજ છે અને એ ફરજ બજાવવા અમે કૃત નિશ્ચયી છીએ.

**-સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

# મંદિરોનું મની (મિસ) મૅનેજમેન્ટ

'મંદિર વંહી બનાયેંગે'ની રાષ્ટ્રવ્યાપી આહલેકથી ગરમાયેલા ભારતના રાજકારણમાં મંદિરોની બાબતને લઈને સુપ્રીમ કોર્ટે એક અતિ મહત્ત્વનો પ્રશ્ન કર્યો છે જેની ચૂંટણીના માહોલમાં ગંભીરતાથી નોંધ લેવાઈ નથી. સુપ્રીમ કોર્ટે સરકારને પોઈન્ટ બ્લેન્ક સવાલ કર્યો કે મંદિરોના વ્યવસ્થાપનમાં સરકારે શું કામ દખલ કરવી જોઈએ? મંદિરોનું કામકાજ અને તેની સંભાળનો હક તેના ભક્તોનો છે તો સરકાર આટલાં બધાં મંદિરોનો કારભાર સંભાળવાનો દુરાગ્રહ કેમ રાખે છે? ઓરિસ્સાના પુરીના પ્રખ્યાત જગન્નાથ મંદિરમાં ભક્તોને સરકારી બાબુઓ દ્વારા થતી હેરાનગતિ વિષયક અરજીની સુનાવણીના જવાબમાં સુપ્રીમ કોર્ટના જજોની બેઠકમાં રહેલા જસ્ટિસ એસ. એ. બોબડે અને જસ્ટિસ અબ્દુલ નાઝીરે આ સળગતો સવાલ પૂછીને એ ટકોર પણ કરી હતી કે ૨૦૧૪માં તામિલનાડુના પંદરસો વર્ષ જૂના નટરાજ મંદિરના બધા જ પ્રકારના વ્યવસ્થાપનની જવાબદારી રાજ્ય સરકાર પાસેથી આંચકી લેવામાં આવી હતી અને તે મંદિરના ટ્રસ્ટીઓ, ભક્તો અને મહંતને સોંપવામાં આવી હતી. સરકાર મંદિરોની જવાબદારી પરાણે લે છે તો એ જ મંદિરોમાં અમુલ્ય પ્રતિમાઓની ચોરી થાય છે, ત્યારે સરકાર જવાબદાર રહેતી નથી. આવું કેમ? સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની બેઠકે દુઃખ સાથેના આશ્ચર્ય સાથે સરકારને આ સવાલો કર્યા હતા. આ આખી ઘટનાનાં મૂળિયાં બહુ ઊંડાં છે અને લોકોની ધાર્મિક શ્રદ્ધાને રાજકારણ દ્વારા સંચાલિત કરવાનું કામ સરકારો દાયકાઓથી કરતી આવી છે તેના કારણે મામલો ગંભીર અને પેચીદો બની ગયો છે. આપણે બહુ જ સરળ ભાષામાં આ દુર્ઘટનાચક્રને સમજીએ.

મુંબઈથી આશરે બસો કિલોમીટર છેટે પુણે જિલ્લામાં અંબેગાંવ નામનું તાલુકા કક્ષાનું નાનું ગામ આવેલું છે. તે ગામડાની પોણા બે લાખની વસ્તીમાં એક શાંતાબાઈ કરીને મહારાષ્ટ્રીયન દાદીમા રહે છે જેનો દીકરો ગુજરાતમાં નોકરી કરે છે. શાંતાબાઈ રોજ સવારે ઊઠે છે, પૂજાપાઠ કરે છે, માળા ફેરવે છે અને રસોડાના સ્ટોર રૂમમાં છેક ઊંચે રાખેલી એક બંધ બરણીમાં દસ રૂપિયા નાખે છે. આખા વર્ષ દરમિયાન તેણી દરરોજ દસ રૂપિયા તે બરણીમાં નાખીને સાચવશે અને વર્ષના અંતે બહુ જ શ્રદ્ધાથી તેણી મુંબઈ આવશે. ગુજરાતમાં રહેતા પોતાના દીકરાની એકની એક નાની દીકરીને પણ ફોન કરીને રોજનો એક રૂપિયો સાચવવાના સંસ્કાર શાંતાબાઈએ આપ્યા છે. શાંતાબાઈએ પોતે ભેગા કરેલા ૩૬૫૦ રૂપિયા અને પોતાની પૌત્રીના ૩૬૫ રૂપિયા મુંબઈના એક બહુ મોટા મંદિરમાં પૂજા કરીને દાન પેટીમાં નાખશે. શાંતાબાઈ બિસ્માર રસ્તાઓ ઉપર હાલકડોલક થતી સરકારી બસમાં ઘરે પાછા જશે ત્યારે તેના ચહેરા ઉપર સ્મિત હશે, કારણ કે તેમને એમ છે કે તેમણે આખું વર્ષ મહેનત કરીને હિંદુ ધર્મ માટે અને પોતાને જ્યાં શ્રદ્ધા છે તે મંદિરની જાળવણી માટે યથાશક્તિ યોગદાન આપ્યું. વિધિની વક્રતા એ છે કે શાંતાબાઈ બહુ મોટા ભ્રમમાં જીવે છે. શક્ય છે તેના રૂપિયા થકી મદરેસા કે ચર્ચની કમ્પાઉન્ડ વોલ બનતી હોય અથવા તો તે રૂપિયાનો દુરુપયોગ થતો હોય.

આવી દસ કરોડ શાંતાબાઈઓ ભારતમાં હશે જેના કરોડો પુત્રો-પુત્રીઓ આ પ્રકારની આંધળી માન્યતામાં જીવે છે, કારણ કે ભારતભરનાં મોટાભાગનાં મંદિરોમાં દાનપેટે આવતા રૂપિયાનું મેનેજમેન્ટ સરકાર કરે છે, મંદિર નહિ. ઉદાહરણ તરીકે, આંધ્ર પ્રદેશમાં આવેલા બેતાલીસ હજાર મંદિરોમાં જેટલી રકમ આવે છે તેમાંથી બ્યાશી પ્રતિશત રકમ વ્યવસ્થાના બહાના હેઠળ સરકાર લઈ લે છે અને તેમાંથી ફક્ત અઢાર ટકા રકમ જ મંદિરો પાસે પાછી આવે છે. જગવિખ્યાત તિરુમાલા તિરુપતિ મંદિર વર્ષેદહાડે એકત્રીસસો કરોડ જેટલી માતબર રકમ દાન પેટે મેળવે છે જેમાંથી પંચ્યાશી ટકા રકમ સ્ટેટ એક્સચેકરને જાય છે. શ્રદ્ધાળુઓ તકલીફ વેઠીને પોતાના પરસેવાની કમાણીનો એક નિશ્ચિત ભાગ પોતાના ભગવાન માટે રાખતા હોય છે; એ શ્રદ્ધા સાથે કે તે રૂપિયાને કારણે સનાતન ધર્મના દેવસ્થાનો ટકવામાં મદદ મળશે, પરંતુ એ રૂપિયા દાનપેટીમાંથી સીધા સરકારી તિજોરીઓમાં જાય છે. સૌથી મોટો વિરોધાભાસ એ છે કે આજ સુધીની બધી સરકારોએ મંદિરોનો વહીવટ રાજ્ય સરકારને સોંપવાની સત્તા આપી છે પરંતુ ચર્ચ અને મસ્જીદના કારભારમાં માથું મારવાનો વિચાર સુદ્ધાં નથી આવતો. આને આપણે બિનસાંપ્રદાયિકતા કહીશું?

મંદિરો અને પ્રશાસન વચ્ચે અનેક વખત સત્તાની સાઠમારી થઈ ચૂકી છે. ભૂતકાળમાં થયેલા આવા અગણિત કેસોમાં આ અઠવાડિયે થયેલો કેસ પણ નોંધાઈ જશે. થયું એવું કે સુપ્રીમ કોર્ટમાં કોઈએ પી.આઈ.એલ. (પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન) દાખલ કરી, કારણ કે ઓરિસ્સાના જગન્નાથ મંદિરમાં ભક્તોને ગેરવ્યવસ્થાનો ભોગ બનવું પડે છે, અપમાનિત થવું પડે છે અને અમુક ભક્તોને તો પ્રવેશ પણ મળતો નથી, કારણ કે તે મંદિરનો વહીવટ સરકારી બાબુઓને હસ્તક છે. સરકારે બચાવપક્ષમાં ઊતરીને એવો લુલ્લો બચાવ કર્યો કે મંદિરનું તંત્ર મંદિરની ચોખ્ખાઈ જાળવવામાં નિષ્ફળ ગયું છે માટે સરકારે હસ્તક્ષેપ કરવો પડે છે. ગોવર્ધન મઠના જગદગુરુ શંકરાચાર્ય શ્રી નિશ્ચલાનંદ સરસ્વી તરફથી આવેલા એડવોકેટ સૂચિત મોહંતીએ તો ત્યાં સુધી કહ્યું કે જ્યારે જ્યારે રાજ્ય સરકારે મંદિરોની આંતરિક બાબતમાં દખલગીરી કરી છે ત્યારે ઘણી વખત મંદિરમાં દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓમાં ધક્કામુક્કી અને નાસભાગના અઘટિત બનાવો બન્યા છે.

અટોર્ની જનરલ કે. કે. વેણુગોપાલે અપેક્ષ કોર્ટને કહ્યું કે "કેરળનું સબરીમાલા મંદિર ત્રાવણકોર દેવાસ્વોમ બોર્ડ સંભાળે છે જેની નિયુક્ત સરકારે કરી છે અને આ જ રીતે સરકાર દ્વારા ઘણાં 'મંદિરો મેનેજ' થઈ રહ્યાં છે. જગતની સૌથી મોટી બિનસાંપ્રદાયિક લોકશાહીના પાયા ઉપર આંગળી ચિંધાય તેવો સવાલ વેણુગોપાલે કર્યો કે બિનસાંપ્રદાયિક તંત્રમાં સરકાર કોઈ મંદિર સંભાળે તે ક્યાં

સુધી વાજબી છે ?'' કોર્ટમાં તો આ સવાલ કદાચ નિરુત્તર રહ્યો હશે, પરંતુ આ સવાલનો જવાબ એ થાય કે સરકાર મંદિરનું મેનેજમેન્ટ સંભાળે એ ફક્ત ગેરવાજબી જ નથી, પરંતુ ગેરકાયદેસર છે અને ગેરબંધારણીય પણ છે. મંદિરોનું મેનેજમેન્ટ સંભાળીને આ બધી સરકારો ખુદ ભારતના બંધારણનો અનાદર અને અપમાન કરે છે. કેમ ? ભારતના બંધારણનું તેરમું પાનું ખોલો. (પાન ક્રમાંક માર્ક કરો. આ આંકડાને ઘણા ધાર્મિક લોકો અપશુકનિયાળ ગણે છે !) તેરમા પાનાં ઉપર 'રાઈટ ટુ ફ્રીડમ ઓફ રિલિજિયન' નામનું હેડિંગ જોવા મળશે. જેની નીચે લખ્યું છે કે કોઈ પણ સંપ્રદાયને પોતાનું ધર્મસ્થાન બાંધવાનો અને ધરાવવાનો હક છે અને તેનો વહીવટ તેમણે ખુદે સંભાળવાનો થાય. અર્થાત્ પ્રશાસન એમાં હસ્તક્ષેપ કરી શકે નહિ. તો આટલાં વર્ષોથી સરકાર ભારતભરનાં લાખો મંદિરોમાં દખલગીરી કરે છે તેની સામે આજ સુધી અવાજ કેમ નથી ઊઠ્યો ?

આ બધું અંધેરતંત્ર શરૂ થયું બ્રિટિશરાજના સમયથી. મદ્રાસ હિંદુ રિલિજિયસ એન્ડોવમેન્ટ એક્ટ-૧૯૨૩માં પસાર થયો જે આઝાદી પછી હિંદુ રિલિજિયસ એન્ડ ચેરીટેબલ એન્ડોવમેન્ટ એક્ટ-૧૯૫૯ના નામે ઓળખાતો થયો. આ નવા 'કાયદા' અનુસાર જે તે રાજ્યની સરકારને છૂટ મળે છે કે તે રાજ્યમાં આવેલા કોઈપણ મંદિરનો વહીવટ ખુદ સંભાળે. કર્ણાટક જેવા રાજ્યમાં તો સ્થિતિ ઔર ગંભીર છે, કારણ કે ૧૯૯૭માં તે સરકારે એક નવો ધારો પસાર કર્યો જે મુજબ મંદિરમાં પુજારીની નિમણૂક કરવાથી લઈને મહંત અને પુજારીને પગાર આપવા સુધીની સત્તા મંદિર પાસે નથી રહેતી. સરકારે કર્ણાટકનાં મંદિરોના પુજારીઓને સાવ મામૂલી પગાર આપવાનું ઠેરવ્યું. જે મંદિરોને પુજારીઓનાં કુટુંબો છ-સાત પેઢીથી પૂરી સમર્પણ ભાવનાથી સંભાળતા આવતા હોય તેવા પુજારીઓની સ્થિતિ સરકારે ચપરાસી કરતા પણ નબળી કરી નાખી. આનું પરિણામ એ આવ્યું કે કર્ણાટકમાં ૧૯૯૭માં બે લાખ ચોસઠ હજાર મંદિરો હતાં તો ૨૦૦૨માં તેમાંથી ઘટીને અઢી લાખ મંદિરો જ બચ્યાં. આખા દેશમાં મંદિરોની સંખ્યા વધી રહી છે તો આ રાજ્યમાં કેમ ઘટી ? કારણ કે કર્ણાટકની સરકારને મંદિરો પાસેથી બોતેર કરોડ રૂપિયા મળે તો તેમાંથી માત્ર દસ કરોડ રૂપિયા જ મંદિરોને પરત મળે છે. મંદિરો પાસે નિભાવખર્ચ જ ન બચે તો તેની જાળવણીના અભાવે મંદિરો બંધ કરી દેવા પડે છે. શું આ સ્થિતિ યોગ્ય છે ?

પુરીના જગન્નાથ મંદિરમાં જ ગયા ઓક્ટોબરમાં ભક્તોની લાઈન બાબતે માથાકૂટ થઈ હતી અને હિંસક બનાવો બન્યા હતા તો પાંચ પોલીસમેનને સસ્પેન્ડ કરવા પડ્યા હતા અને હિંસા સાથે સંકળાયેલા બીજા અઢાર લોકોની ધરપકડ કરવી પડી હતી. સુપ્રીમ કોર્ટે ત્યારે જ કહેલું કે પોલીસને મંદિરમાં બંદૂક જેવાં હથિયારો કે બૂટ પહેરીને જવાની પરવાનગી નથી. આ વાતનો અર્થ એ થયો કે પ્રશાસન દ્વારા પ્રજાની આસ્થાના પ્રતીક સમાન મંદિરોમાં કેવું વર્તન થતું હશે. પરંતુ તેની પહેલા કેવી કેવી દુર્ઘટનાઓ ઘટી ગઈ છે જે બહુ ધ્યાનમાં આવી નથી. જેમ કે, આંધ્ર સરકારે ગોલ્ફ કોર્સ બનાવવા માટે દસ મંદિરોને તોડવાની છૂટ આપી હતી. આ મુદ્દો વિદેશના લેખક સ્ટીફન નેપ તેના પુસ્તકમાં નોંધે છે. તેમણે બરાબર સવાલ કર્યો કે માની લો કે દસ મંદિરોને બદલે દસ મસ્જિદો તૂટી હોત તો ?

કર્ણાટકમાં આવેલાં કુલ મંદિરોમાંથી પચીસ ટકા એટલે કે પચાસ હજાર મંદિરો બંધ થઈ જવાની આશંકા છે કારણ કે તે મંદિરો પાસે ફંડ જ નથી. સરકાર પાસેથી મદદની વાત દૂર રહી જે રૂપિયા મંદિરોના પોતાના હકના છે તે પણ પાછા નથી આવતા. સ્ટીફન નેપનો એક બીજો આરોપ એ પણ છે કે કેરળમાં ગુરુવયુર મંદિરનું ફંડિંગ બીજા કામ માટે વપરાય છે અને નવા પિસ્તાલીસ મંદિરોના બાંધકામની છૂટ નથી અપાતી. અયપ્પા મંદિરની જમીન બીજા લોકોએ પોતાના કબજામાં લઈ લીધી અને સબરીમાલા મંદિર નજીક આવેલા જંગલના હજારો એકર ઉપર ચર્ચ કબજો જમાવી રહ્યું છે. કર્ણાટકના માજી મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કાલડકના કોલુર મુકામ્બિકા મંદિર દ્વારા બે હજાર ગરીબ બાળકોને રોજીંદા ભોજન વિતરણના સેવાકાર્ય ઉપર રોક લગાવી દીધી. એ જ રાજ્યમાં આરટીઆઈ ફાઈલ થઈ હતી જેના જવાબમાં ખબર પડી એક મંદિરોમાંથી સરકારે આંચકી લીધેલું નેવું ટકા ફંડ મંદિરો માટે વપરાતું નથી. બની શકે તે ફંડથી બીજા ધર્મના સ્થાનકોને ફાયદો થતો હોય.

સૌથી વધુ ચોંકાવનારો કિસ્સો તો તિરુપતિ મંદિરમાં બન્યો. તે મંદિરમાં રહેલા હજારો એન્ટીક દાગીનાઓ અને બીજી મહત્ત્વની વસ્તુઓની ચોરી થઈ ગઈ. આ કીમતી ઘરેણાઓ લોકરમાંથી ચોરાયા. આ મંદિરનો વહીવટ સરકાર પાસે હતો. એવું કહેવાય છે કે તે એન્ટીક વસ્તુઓ વિદેશમાં અબજો રૂપિયાના ભાવે વેચાણી. આંધ્ર પ્રદેશના બે વખત મુખ્યમંત્રી તરીકે રહી ચૂકેલા વાયએસઆરના ટૂંકાક્ષરી નામે ઓળખાતા સેમ્યુઅલ રાજશેખર રેડ્ડીએ માર્ચ ૨૦૦૬માં તિરૂમાલાના સંકુલમાં આવતા એક હજાર પ્રાચીન સ્થંભોનો ધ્વંશ કરી નાખેલો. તે મંદિરના પુજારીઓએ આક્ષેપ કર્યો હતો કે તે જ સરકારે મસ્જિદ અને ચર્ચના રીનોવેશન માટે સાડા સાત કરોડ આપ્યા હતા.

કલંકિત ભૂતકાળ અને રાજકારણની ગંદકીનાં ઉદાહરણો અને વાતોનો અંત નહિ આવે. ભારતમાં હજારો વર્ષો જૂના મંદિરો છે. જેની કિંમત રૂપિયામાં ન ગણી શકાય. મંદિર કે કોઈ પણ ધર્મસ્થળ જે તે ધર્મના લોકોની શ્રદ્ધાનું પ્રતીક છે અને તે શ્રદ્ધા ઉપર જ ચાલતું હોય છે. તેમાં સરકારનો કે જે તે ધર્મની બહાર રહેલી ઓથોરિટીનો હસ્તક્ષેપ યોગ્ય ન ગણાય. ભારતનું બંધારણ એવું કરવાની પરવાનગી નથી આપતો. ભારત બિનસાંપ્રદાયિક સ્વતંત્ર દેશ છે. પ્રતીક પાસેથી રૂપિયા લઈને પરવેઝ કે પીટરને આપવા તે બિનસાંપ્રદાયિકતા કે માનવતા નથી. એ જ રીતે પીટરના રૂપિયા પણ આ પદ્ધતિથી પ્રતીક પાસે ન જવા જોઈએ. દરેક ધર્મસ્થાનનો વહીવટ એ જે તે ધર્મના શ્રદ્ધાળુઓની આંતરિક બાબત છે. વ્યવસ્થાના નામે બિનસાંપ્રદાયિકતાના નેજા હેઠળ દંભી બિનસાંપ્રદાયિકતાનું રાજ

*(અનુસંધાન પાના નં.૮ પર)*

# શબ્દછળથી સંસ્કૃતિનાશ

(ગતાંકથી ચાલુ)

**માંસ-ભક્ષણના પ્રચારની કરુણ નિષ્ફળતા**

રાજા રાજેન્દ્રલાલ મિત્ર, સ્વામી ભૂમાનંદ, કાણે વગેરે દ્વારા તેમણે દારૂ અને માંસાહારના પ્રચાર માટે સાહિત્ય તૈયાર કરાવ્યું. ધર્મગ્રંથો સાથે ચેડાં કરાવ્યાં અને ગોમાંસભક્ષય-મંડળીઓ (Beefeating clubss) શરૂ કરાવી.

છતાં તેમને ભદ્ર સમાજને માંસાહારી બનાવવાની કે વેદ ધર્મના ધુરંધર પંડિતોને ઈસાઈ ધર્મથી પ્રભાવિત કરવામાં સફળતા મળી નહિ.

એટલે તેમણે પ્રચારના પૂર ઉપર અંકુશ મૂકી શબ્દબાણોનો ઉપયોગ શરૂ કર્યો.

એક શબ્દ રોજ તેમને સંભળાવવામાં આવે, ખોટા અર્થમાં સંભળાવવામાં આવે ત્યારે તમારો તેની સામેનો વિરોધ ઓછો થઈ જાય.

**શબ્દબાણરૂપી મોહાસ્ત્ર**

આવો એક શબ્દ છે ફેટ (ચરબી) Fat percent દૂધમાં fat prrcent એટલે દૂધમાં ચરબીનું પ્રમાણ (ટકાવારી).

દૂધમાં ચરબી નથી, પણ ઘી છે.

ચરબી અને ઘી બન્ને જુદી વસ્તુ છે. બન્નેના ગુણધર્મો જુદા છે. જ્યારે ભારતમાં ગાય, દૂધ અને ઘીનો જન્મ થયો ત્યારે સંસ્કૃત ભાષામાં ચરબી અને ઘી બન્ને શબ્દો જુદી જુદી રીતે જુદા જુદા અર્થમાં વપરાતા હતા.

ચરબી માટે મેદ શબ્દ હતો અને ઘી માટે ઘૃત. દૂધમાં ઘીનું પ્રમાણ કેટલું છે એમ કહેવાતું, પણ દૂધમાં ચરબીનું પ્રમાણ કેટલું છે એવો શબ્દપ્રયોગ કદી ન હતો. અગ્નિમાં હોમ કરવા માટે ઘી વપરાતું, ઘીના ઠેકાણે કદી ચરબી વપરાતી નહિ.

અંગ્રેજોએ દૂધને ઘીને બદલે દૂધમાં Fat percent શબ્દ પ્રચલિત કર્યો. લાંબો ગાળાની યોજના રૂપે તેમણે ઘી, તેલ અને ચરબી તરીકે જે આપણી સામે મૂક્યાં તેમાં તેલને વનસ્પતિજન્ય ચરબી અને ઘી તેમ જ ચરબીને પ્રાણીજન્ય ચરબી તરીકે ઓળખાવ્યાં. હિંદુ ગ્રંથોમાં એ ત્રણે ચીજને અલગ વર્ણવી છે.

**ઘી, તેલ અને ચરબી : ત્રણ જુદી જાતના પદાર્થો**

સંસ્કૃત ભાષામાં ઘી માટે ઘૃતમ, તેલ માટે તૈલ્યમ્ અને ચરબી માટે મેદ શબ્દ છે.

ગુજરાતી ભાષામાં તેમ જ ભારતની બીજી તમામ ભાષાઓમાં પણ '' આ તલનું તલ છે, આ સરસવનું તેલ છે, આ ગાયનું ઘી છે, આ ભેંસનું ઘી છે'' એમ શબ્દો વપરાય છે.

પણ આ તેલની કે સરસવની ચરબી છે કે ગાય કે ભેંસના ઘી માટે 'આ ગાય કે ભેંસની ચરબી છે' એ શબ્દપ્રયોગ થતો જ નથી, કારણકે ઘી, તેલ અને ચરબી ત્રણે અલગ અલગ પદાર્થો છે અને હિંદુઓને ચરબી, માંસ વગેરે શબ્દો પ્રત્યે અણગમો છે.

અંગ્રેજી કેળવણી દ્વારા તેલ, ઘી અને ચરબી એ ત્રણેએ જુદા જુદા પ્રકારની ચરબી તરીકે જ નવી હિંદુ પેઢી પાસે રજૂ કરવામાં આવ્યાં.

રોજ રોજ દૂધમાં Fat percent - ચરબીની ટકાવારી શબ્દ આપણા કાન ઉપર અથડાવા લાગ્યો આની પાછળના બદઇરાદાની કોઈને ગંધ ન આવી.

વાતચીતમાં અંગ્રેજી શબ્દ વાપરવાનો અને તેમ કરીને પોતાને વિદ્વાન અને સુધારક ગણવાનો અભરખો નવી પેઢીમાં વધતો ગયો.

એટલે વારંવાર Fat percent શબ્દ વપરાવા લાગ્યો. ખૂબ વપરાશને અંતે ઘી એ ચરબી જ છે એવી માન્યતા ભદ્ર સમાજના મનમાં પણ રૂઢ થઈ ગઈ.

એ શબ્દ એટલો તો પ્રચલિત થઈ ગયો કે પશુશાસ્ત્રની પરીક્ષા પાસ કરીને ઊંચી ડિગ્રી મેળવનારા ઉચ્ચ વર્ણના નાગરો, બ્રાહ્મણો, અન્ય જનો પણ ઘીને બદલે Fat percent શબ્દ જ વાપરવા લાગ્યા.

તેમનું અનુકરણ કરીને પોતાને આ વિષયનું કશું જ્ઞાન હોય છતાં પણ છાપાઓના કટારલેખકો તક મળતાં ખોરાક કે દૂધ વિષે લેખો લખતી વખતે પોતાની વિદ્વત્તા દર્શાવવા પરદેશીઓએ તૈયાર કરી આપેલા કોષ્ટક પ્રમાણે દૂધમાં આટલા ટકા પાણી, આટલા ટકા ક્ષાર તત્ત્વો, આટલા ટકા કૅલ્શિયમ અને આટલા ટકા ચરબી છે વગેરે વગેરે પ્રગટ કરીને લોકોના મગજમાં ઘણ ઠોકવા લાગ્યા કે ઘી એ ચરબી જ છે.

જે લોકોને રાત-દિવસ પશુઓ, દૂધ અને ઘી સાથે કામ પડે છે અને દૂધ તેમ જ ઘીનું જ ઉત્પાદન અને વેચાણ કરનાર વેપારીઓ અને પશુપાલકો છે તેમને તો જાણ પણ નહિ હોય કે તેમના પવિત્ર ઘીને ચરબી તરીકે માન્યતા મળી છે. એ માન્યતા તેમને કબૂલ પણ ન હોય, પણ વર્તમાનપત્રોના કટારલેખકોએ એ શબ્દ ચગાવ્યો એટલે તમામ ભણેલા ભદ્ર વર્ગની તેને માન્યતા મળી ગઈ.

અહીં ઘી અને ચરબીના ગુણદોષની પણ વાચકોને માહિતી આપવી જરૂરી છે.

**ઘીનાં ઉચ્ચ ગુણતત્ત્વો**

ઘી બળવર્ધક, વીર્યવર્ધક, આયુષ્યવર્ધક, હૃદયને બળ આપનાર, વાત, પિત્ત, કફનો નાશ કરનાર, સ્વાદિષ્ટ, સુગંધી, વૃદ્ધાવસ્થાને દૂર રાખનાર અને ( જો ગાયનું ઘી હોય તો) શરીરમાંથી તમામ ઝેરોને બહાર ફેંકી દેનાર અને આંખનું તેજ વધારનાર છે.

**દૂષિત રોગવર્ધક ચરબી**

ચરબીમાં આવો કોઈ ગુણ નથી. સ્વાદ પણ નથી. તે ઉપરાંત તે ખોરાકમાં લેવાય તો પચતી પણ નથી. તે ઝાડા વાટે શરીરની બહાર ફેંકાઈ જાય છે, પરંતુ બહાર નીકળ્યા પહેલાં અનેક દર્દો શરીરમાં પેદા કરતી જાય છે.

ચરબીથી શરીરને પોષણ મળતું નથી. ઊલટું તેનાથી ઝાડા અથવા ગૅસ અથવા કબજિયાત થવાનો ભય રહે છે. એ ભૂખ મારી નાખે છે. નસોમાં ચાંદાં પાડે છે અને એ ચાંદાંમાં દવામાં લેવાનું ખનીજ કૅલ્શિયમ જો ભરાઈ જાય તો એન્જાઈનના (હૃદયરોગનો એક પ્રકાર) થાય છે જે કદાચ મૃત્યુમાં પણ પરિણમે છે.

હાલમાં નાનામોટા દરેક વયનાં મનુષ્યોમાં હૃદયનાં દર્દો વધતાં જાય છે તેનું કારણ એ છે કે તેમની જાણ બહાર અનેક ખાદ્યપદાર્થો દ્વારા ચરબી તેમના શરીરમાં જતી હોય છે, જે આવા રોગો ઉત્પન્ન કરે છે. તે શરીરમાં જે ઝેરો પેદા કરતી જાય છે તે ઘણી વખત અલ્સર, કૅન્સર ને કિડનીનો બગાડો પણ કરે છે.

**માંસાહાર અને ચરબી દારૂણ રોગોનાં જનક**

યુરોપ અને અમેરિકામાં કૅન્સર, અલ્સર, આર્થરાઇટીસ, કિડની અને હૃદયનારે રોગો ચોમાસાનાં અળસિયાંની પેઠે ફૂટી નીકળ્યા છે. તેનાં ઘણાં કારણોમાં એક કારણ એ પણ છે કે તેઓ અકરાંતિયાની માફક માંસાહાર કરે છે અને રોજ માથા દીઠ ગાય અથવા ડુક્કરની ૧૫ થી ૨૦ ગ્રામ ચરબી ખાય છે.

ઈંડાં, માંસ, ચરબી અને માછલી શરીરમાં ઝેરો પેદા કરે છે. એ ઝેર ઉપર જણાવેલા રોગોરૂપે બહાર આવે છે.

ઘીને ચરબી તરીકે ઓળખાવ્યા છતાં પણ ભારતની પ્રજાએ ખોરાકમાં ચરબી સ્વીકારી નહિ. ત્યારે વિવિધ પગલાં દ્વારા અને પોતાની સત્તાના જોરે ઘીની ખેંચ ઊભી કરીને શુદ્ધ ઘીમાં ચરબીની ભેળસેળ કરવા પ્રોત્સાહન અપાયું, જે માંસાહારી લોકો ખાદ્યપદાર્થો વેચવાનો ધંધો કરતા તેઓ તો છૂટથી ચરબીનો જ ઉપયોગ કરવા લાગ્યા.

**મનુની અગમચેતી**

હિંદુઓ માટે મનુ મહારાજે રાંધેલું અનાજ વેચવાની મનાઈ કરી છે, કારણ એ લાગે છે કે રાંધેલું અનાજ વેચાય તેમાં ખાદ્ય-અખાદ્ય વસ્તુઓની ભેળસેળ થઈ શકે. પૈસાનો લોભ મનુષ્યોને ગમે તેવાં દુષ્કૃત્યો કરવા પ્રેરી શકે.

અખાદ્ય વસ્તુઓ પેટમાં ગયા પછી એ માત્ર શરીરને હાનિ કરે છે એવું નથી. સહુથી વિશેષ હાનિ તો મનને થાય છે.મન વિકૃત બને છે અને કરવા જેવાં કૃત્યોથી મનુષ્ય દૂર રહે છે તથા ન કરવાનાં કૃત્યો વધુ ને વધુ કરે છે, એ દુષ્કર્મો માટે ગૌરવ અનુભવે છે. આમ, અખાદ્ય વસ્તુઓ હિંદુ સંસ્કૃતિ માટે ભયરૂપ છે.

**આપણા પૂર્વજોની અંગ્રેજોની કૂટનીતિની સચિંતતા**

યુરોપિયનોએ આપણે ત્યાં તૈયાર બિસ્કિટનો પ્રચાર કરવા પ્રયત્નો કર્યા. શરૂઆતમાં હિંદુઓ પાંઉ - બિસ્કિટને અડકતા પણ ન હતા.

તેમણે પાંઉ–બિસ્કિટનો પ્રચાર કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે એમ મનાતું કે પાંઉમાં ગાયનું લોહી અથવા માંસ નાખવામાં આવે છે માટે હિંદુઓ તો તેને અડકતા પણ નહિ.

ખાદ્ય-અખાદ્ય ખોરાક વિષે તે સમયે લોકો સદા જાગ્રત હતા. અંગ્રેજો માંસાહાર અને દારૂ દ્વારા તેમને ઈસાઈ ધર્મમાં વટલાવવા પેંતરા રચે છે એ જાણકારીથી તેઓ સચિંત પણ હતા.

**પાંઉની જાળમાં ફસાતા ગ્રામ્યજનો**

હિંદુ પ્રજાની આ શંકાનો યુરોપિયનોએ લાભ ઉઠાવ્યો.

ભારતનાં ગામડાંની પ્રાચીન પ્રણાલિકા એવી હતી કે લોકો વહેલી સવારે ગામની બહાર કૂવા ઉપર નહાવા જાય અને ત્યાંથી પાણી ભરી લાવે.

ગામમાં કૂવા તો ઘણા હોય, પણ બાજુબાજુના કૂવાનાં પાણીની ગુણવત્તામાં પણ ફેર હોય છે. એટલે જે કૂવાનું પાણી ખૂબ હલકું હોય તે કૂવામાંથી આખું ગામ પીવાનું પાણી ભરી આવે.

યુરોપિયનો આવા કૂવાઓમાં રાતે અથવા વહેલી સવારે પાંઉ નાખી આવે. ગામ લોકો વહેલી સવારે પૂરું અજવાળું થાય તે પહેલાં કૂવે નાહીને પાણી ભરી જાય. ઝાંખા અજવાળામાં તેમને પાંઉ દેખાય નહીં. સવારે અજવાળું થાય અને પાંઉ દેખાય ત્યારે આ ઈસાઈઓ તેમને ભડકાવે કે '' તમે ગાયનું માંસ નાખેલા પાંઉવાળું પાણી પીધું છે, માટે ઈસાઈ થઈ ગયા.'' **(ક્રમશઃ)**

**-સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

**વર્તમાન વિશ્વમાં આકાર લેતી અનેક પ્રકારની આર્થિક, સામાજિક કે રાજકીય સમસ્યાઓ, તેના કારણો, તેના ઉકેલ આદિ અનેક પાસાંઓ પર અલગ-અલગ દષ્ટિકોણ ધરાવનાર ચિંતકો, વિચારકો અને લેખકોના વિવિધ લેખોનું સંપાદન કરીને વાચકો સુધી વિચારોના બીજ વાવવાનું કાર્ય વિનિયોગ સમાચાર કરી રહ્યું છે. લેખો અને લેખકોની પસંદગી અંગે પૂરતી કાળજી લેવાય છે છતા પણ લેખોની વિશ્વસનીયતા અને માહિતી અંગે સંસ્થા, સંપાદક અને પ્રકાશક કોઈ પણ પ્રકારે જવાબદાર રહેશે નહીં. જે તે લેખોના મંતવ્ય, બૌદ્ધિક મિલકત કે અધિકાર તે તે લેખકોના જ રહેશે.**

Registration No. with Registrar of Newspapers - MAHGUJ/2003/10411
Postal Registration No. MNW/08/2018-20
Published on 1st of every month
Date of Posting : 7th & 8th of every month

WPP License No - MR/Tech/WPP-34/NW/2019
License to post without prepayment
To be Posted at Mumbai Patrika Channel sorting office
Mumbai 400001

# મંદિરોનું મની (મિસ) મૅનેજમેન્ટ

(પાના નં.૫થી ચાલુ)

વધતું જાય છે જે હિંદુ કે કોઈ પણ ધર્મ પાળતા નાગરિકો માટે નુકસાનકારક છે. નાગરિકોને નુકસાન થાય એ છેવટે દેશને નુકસાન થાય જ. કોઈ એક જ ધર્મની અંગત બાબતોમાં સરકાર માથું મારે અને બીજા ધર્મમાં માથું ન મારે તે બિનસાંપ્રદાયિકતા ન કહેવાય પણ તેને તુષ્ટિકરણની વિકૃત પ્રવૃત્તિ કહેવાય. જેની સામે બધા નાગરિકોએ એક થઈને અવાજ ઉઠાવવાનો હોય. શાંતાબાઈની આસ્થાને ઠેસ પહોંચાડવાનું કામ એ બહુ મોટું પાપ ગણાશે એ સરકારે અને બધા જ ધર્મના નાગરિકો તથા સરકારી બાબુઓએ આજીવન યાદ રાખવું પડશે.

જો કે અપવાદો પણ ઘણા છે જેમ કે જામનગરમાં મંદિરો જામ ધર્માદા ટ્રસ્ટ જ સંભાળે છે અને સરકાર તેમાં ઘોંચપરોણા કરી શકતી નથી. વિરપુરના વિખ્યાત જલારામ મંદિરમાં તો દાન સ્વીકારવામાં આવતું જ નથી એટલે ત્યાં આવતા રૂપિયાની જાળવણીનો સવાલ નથી. પરંતુ આવા અપવાદો ઓછા હોય છે. ભારતભરમાં પચીસ લાખ કરતાં વધુ મંદિરો હશે. જેની સાથે કરોડો લોકોની ભાવના જોડાયેલી છે.

બીજી વાત, ધાર્મિક આસ્થા અંગત બાબત છે પણ એક હકીકત છે કે મંદિર એ ફક્ત પૂજા કરવા માટેનું સ્થાનક નથી બલકે હજારો વર્ષ જૂની સંસ્કૃતિ, જ્ઞાન અને સંપત્તિનું એક પવિત્ર પ્રતીક છે. કોઈ એક મોટું મંદિર બીજા સેંકડો લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી આપતું હોય છે. કપૂરની ગોળીથી લઈને ફૂલોની હારમાળા સુધી બધા ધંધાર્થીઓના ઘર આવાં મંદિરોને કારણે ચાલતાં હોય છે. મંદિર એ દેશના વિકાસની પારાશીશી નહિ હોય પણ મંદિરની સ્વતંત્રતા ઉપર તરાપ મારવાનું કૃત્ય દેશના અધ:પતનની નિશાની જરૂર છે.

આ અઠવાડિએ સુપ્રીમ કોર્ટે સરકારને જે સવાલ પૂછ્યો તે એક હકારાત્મક પગલું છે. આપણને આશાનું એક કિરણ મળ્યું કે મંદિરોને સ્વતંત્રતા મળશે અને તેનું 'રાષ્ટ્રીયકરણ' બંધ થશે. જો કે મંદિરોને સાવ છૂટોદોર મળે તો તેમાં પણ ગેરરીતિઓ કે અન્યાય થવાની સંભાવના ખરી પણ તેનું પ્રમાણ ઓછું હોય છે. જરૂરી કાયદાની લગામ તો તેની ઉપર હસ્તક્ષેપ કર્યા વિના લગાવી જ શકાય. બાય ધ વે, એક વેબસાઈટ ઉપર એક વ્યક્તિએ એવી ટીખળ કરી છે કે મંદિરનું સંચાલન સરકાર કે મંદિરને સોંપવા કરતા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અર્થાત્ રોબોટને સોંપી દેવું જોઈએ. તે અન્યાય નહિ થવા દે. પ્રજાનો દરેક ઓથોરિટી ઉપરથી વિશ્વાસ ઊઠી જાય તે પહેલા નક્કર પગલાં લેવાં જરૂરી છે તેવું નથી લાગતું ?

**- અભિમન્યુ મોદી**

**(સાભાર : મુંબઈ સમાચાર, ઉત્સવ પૂર્તિ, તા.૧૪-૪-૨૦૧૯)**

પ્રતિ,

Printed and Published by **ATUL HARSUKHLAL SHAH** on behalf of **Viniyog Parivar Trust**, Printed at **RAJUL ARTS**, DR DAMJI COMPOUND, BEHIND BUS STOP NO. 379, GHATKOPAR (EAST), MUMBAI 400 077, and published from **VINIYOG PARIVAR TRUST**, B-2,104, VAIBHAV, JAMBLI GALI, BORIVALI (WEST), MUMBAI 400 092. Tel.: 28991781, 28980749 Email : vinyogparivar@gmail.com - Editor : **Sanjay Gandhi**